નવી બાબત વર્ષ ૨૦૨૫-૨૬ અમરેલી, મહેસાણા, પાટણ, આણંદ, તાપી, ડાંગ, સાબરકાંઠા, વલસાડ, છોટાઉદેપુર, ગીરસોમનાથ, દેવભુમિદ્વારકા, મોરબી, અરવલ્લી, દાહોદ નર્મદા, પોરબંદર, મહિસાગર અને બોટાદ ખાતે સરકારી/સ્વૈચ્છિક ચિલ્ડ્રન હોમ સંલગ્ન સ્પેશ્યલાઇઝ્ડ એડોપ્શન એજન્સી (SAA) શરૂ કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/NIR/e-file/17/2024/2213/CHH Section
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૩/૦૮/૨૦૨૫

વંચાણે લીધા:

(૧) જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એકટ ૨૦૧૫

(૨) નામ. સુપ્રિમ કોર્ટના રીટ પીટીશન નં.૧૦૦૩/૨૦૨૧ ના તા.૨૦/૧૧/૨૦૨૩ ના ઓરલ ઓર્ડર

(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના તા.૦૭/૧૦/૨૦૨૪ ના પત્ર ક્રમાંક: DSD/0121/10/2025.

(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના તા.૦૧/૦૩/૨૦૨૫ ના પત્ર

પ્રસ્તાવના:

વંચાણે લીધેલા ક્રમાંક : (૧) પરના જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એક્ટ ૨૦૧૫ ની કલમ ૬૫(૧) મુજબ રાજ્ય સરકાર એક અથવા વધુ સંસ્થાઓને અથવા સ્વૈચ્છિક સંગઠનોને, અનાથ, ત્યજાયેલઅથવા પરિત્યાગ કરાયેલ બાળકોને દત્તકમાં આપવાની પ્રક્રિયા કરવા માટે દરેક જિલ્લાવાર વિશિષ્ટ દત્તક સંસ્થા (સ્પેશિયલાઈઝ્ડ એડોપ્શન એજન્સી) તરીકે માન્યતા આપવાની થાય છે. તેમજ વંચાણે લીધેલા ક્રમાંક : (૨) પરના નામ.સુપ્રિમ કોર્ટના રીટ પીટીશન નં.૧૦૦૩/૨૦૨૧ ના તા.૨૦/૧૧/૨૦૨૩ ના ઓરલ ઓર્ડર જબ દરેક જિલ્લામાં SAA ની રચના કરવા આદેશ કરેલ છે. જે અન્વયે વંચાણે લીધેલા ક્રમાંક : (૩) પરના નિયામકશ્રી, સમાજ સુરક્ષા કચેરીના પત્રથી અમરેલી, મહેસાણા, પાટણ, આણંદ, તાપી, ડાંગ, સાબરકાંઠા, વલસાડ, છોટાઉદેપુર, ગીરસોમનાથ, દેવભુમિદ્વારકા, મોરબી, અરવલ્લી, દાહોદ નર્મદા, પોરબંદર, મહિસાગર અને બોટાદ ખાતે સરકારી/સ્વૈચ્છિક ચિલ્ડ્રન હોમ સંલગ્ન સ્પેશ્યલાઇઝ્ડ એડોપ્શન એજન્સીના ૧૮ યુનિટ શરૂ કરવા રૂા. ૪,૨૮,૩૧,૯૫૪/-ની નવી બાબત નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ તરીકે જોગવાઈ કરવા દરખાસ્ત કરેલ હતી. વંચાણે લીધેલા ક્રમાંક:(૪) પરના નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાધીનગરના પત્રથી સદરહુ નવી બાબતની અંદાજપત્ર ૨૦૨૫-૨૬ માં જોગવાઈ થતાં સદરહુ બાબતને વહીવટી મંજૂરી આપવા બાબતની દરખાસ્ત કરેલ હતી. ઉક્ત બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન)એકટ ૨૦૧૫ની કલમ-૬૫ ની પેટા કલમ-૧ અન્વયે મહિલા અને બાળ વિકાસ મંત્રાલય,ભારત સરકારના ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૨ના નોટીફીકેશન પરથી પ્રકાશિત કરેલ બાળકોની દત્તક આપવાની પ્રક્રિયા અંગેના એડોપ્શન રેગ્યુલેશન-૨૦૨૨ પ્રકરણ-૫ના પેરા નં-૨૫ મુજબ દરેક જિલ્લામાં એક કે વધુ બાળ સંભાળ સંસ્થાઓને વિશિષ્ટ દત્તક ગ્રહણ સંસ્થા તરીકે માન્ય કરશે.

અનાથ, ત્યજાયેલા અને પરીત્યાગ થયેલ અનાથ બાળકો ૦ થી ૬ વર્ષની વય ધરાવતા બાળકોને આશ્રય આપી તેમની સાર સંભાળ દેખરેખ રાખી તેને ઘર જેવું વાતાવરણ મળી રહે તે હેતુથી બાળકોને દત્તક આપવાની કામગીરીમાં મદદરૂપ થવાના હેતુથી રાજય સરકારની નિયામક સમાજ સુરક્ષા ખાતા દ્વારા સંચાલિત સરકારી ચિલ્ડ્રન હોમ સંલગ્ન ભારત સરકારની સંકલિત બાળ સુરક્ષા યોજના હેઠળ ૧૦ બાળકોના એક યુનિટ શરૂ કરવા નવી બાબત રજુ કરવામાં આવે છે.

ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, નવી દિલ્હી મિશન વાત્સલ્યની ગાઇડ લાઇનના ૧૦ બાળકોની ટોચ મર્યાદા ધરાવતા સ્પેશ્યલાઇઝ્ડ એડોપ્શન એજન્સી (વિશિષ્ટ દત્તક સંસ્થા ) શરૂ કરવા માટે પરીશિષ્ટ-(ગ) માં અંદાજીત ખર્ચની જોગવાઇ કરવામાં આવેલ છે. જેમાં ૧૦ બાળકોની સંસ્થા માટે બાંધકામ કે નિભાવ માટેની ગ્રાન્ટની જોગવાઇ છે.

પુખ્ત વિચારણાના અંતે જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન)એકટ ૨૦૧૫ની કલમ-૬૫ ની પેટા કલમ-૧ અન્વયે અમરેલી, મહેસાણા, પાટણ, આણંદ, તાપી, ડાંગ, સાબરકાંઠા, વલસાડ, છોટાઉદેપુર, ગીરસોમનાથ, દેવભુમિદ્વારકા, મોરબી, અરવલ્લી, દાહોદ નર્મદા, પોરબંદર, મહિસાગર અને બોટાદ ખાતે સરકારી/સ્વૈચ્છિક ચિલ્ડ્રન હોમ સંલગ્ન સ્પેશ્યલાઇઝ્ડ એડોપ્શન એજન્સી (SAA) શરૂ કરવા નીચે મુજબની શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(ગ) SAA (૧૦ બાળકોનું એકમ) ને નાણાંકીય સહાય

| ક્રમ | ખર્ચની બાબત | રકમ (રૂપિયામાં) |
|---|---|---|
| (ક) બિન આવર્તક ખર્ચ (પાંચ વર્ષમાં એકવાર) | | |
| ૧ | યુપીએસ અને વેબ કેમ સાથે એક કોમ્પ્યુટર (સોફ્ટવેર લાયસન્સની કિંમત સહિત) અને એક પ્રિન્ટર કમ સ્કેનર | ૪૫,૦૦૦ |
| ૨ | ૧૦ ઘોડિયા સાથેનું ફર્નીચર | ૧,૫૦,૦૦૦ |
| ૩ | રસોડાનાં સાધનો (ગેસ સ્ટોવ જોડાણ સાથે, વાસણો, પાણી ફિલ્ટર, વગેરે. | ૫૦,૦૦૦ |
| | કુલ | ૨,૪૫,૦૦૦ |

* ૧૦ બાળકોના એક યુનિટ શરૂ કરવા ઉક્ત પેરા-૪(૨)માં દર્શાવેલ ખર્ચના બ્રેક-અપ મુજબ રૂ. ૨૩,૭૯,૫૫૩ ખર્ચ થાય.
* જે મુજબ અમરેલી, મહેસાણા, પાટણ, આણંદ, તાપી, ડાંગ, સાબરકાંઠા, વલસાડ, છોટાઉદેપુર, ગીરસોમનાથ, દેવભુમિદ્વારકા, મોરબી, અરવલ્લી, દાહોદ, નર્મદા, પોરબંદર, મહિસાગરઅને બોટાદ ખાતે સરકારી/સ્વૈચ્છિક ચિલ્ડ્રન હોમ સંલગ્ન સ્પેશ્યલાઇઝ્ડ એડોપ્શન એજન્સીના ૧૮ યુનિટ શરૂ કરવા રૂા. ૪,૨૮,૩૧,૯૫૪/-ની જરૂરીયાત રહેશે.
* પરંતુ મિશન વાત્સલ્યની ગાઇડ લાઇન અન્વયે ૬૦:૪૦ પેટર્ન મુજબ ૬૦% લેખે રૂા. ૨,૫૬,૯૯,૧૭૨/- કેન્દ્ર સરકાર પાસેથી મળવાપાત્ર થશે. સરકારી/સ્વૈચ્છિક ચિલ્ડ્રન હોમ સંલગ્ન સ્પેશ્યલાઇઝ્ડ એડોપ્શન એજન્સીના ૧૮ યુનિટ શરૂ કરવાની રાજ્ય સરકાર પાસેથી વહિવટી મંજુરી મળ્યા બાદ ભારત સરકારના પ્રોજેક્ટ એપ્રુવલ બોર્ડ પાસેથી મંજુરી મેળવી ભારત સરકારનો ૬૦% હિસ્સો મેળવવામાં આવશે. બાકીના ૪૦% લેખે રૂા.

૧,૭૧,૩૨,૭૮૨/-નો ખચે રાજ્ય સરકારે ભોગવવો પડે.

- જે અંતર્ગત નીચે મુજબની ૧૧ માસ કરાર આધારિત સેવાઓનો સમાવેશ થાય છે:

આવર્તક ખર્ચ (વાર્ષિક)

| મ | સેવાનું નામ | સેવાની સંખ્યા | સૂચિત માસિક મહેનતાણું |
|---|---|---|---|
| ૧ | મેનેજર/સંયોજક | ૦૧ | રૂ.૨૦,૦૦૦/- અન્ય ચાર્જીસ સિવાય |
| ૨ | સામાજિક કાર્યકર-કમ-શિશુ શિક્ષક | ૦૧ | રૂ.૧૬,૦૦૦/- અન્ય ચાર્જીસ સિવાય |
| ૩ | નર્સ | ૦૧ | રૂ.૨૦,૦૦૦/- અન્ય ચાર્જીસ સિવાય |
| ૪ | વિઝીટીંગ ડૉક્ટર | -- | રૂ.૯,૯૩૦/- |
| ૫ | આયા | ૦૬ | લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૭/૦૩/૨૦૨૩ના જાહેરનામા તથા તેને આનુષાંગિક બહાર પાડવામાં આવેલ ઠરાવો/પરિપત્રો ધ્યાને લઇ બહાર પાડવામાં આવેલ લઘુત્તમ વેતન જેટલા જ મહેનતાણા આઉટસોર્સીંગ સ્ટાફને ચૂકવવાના રહેશે. |
| ૬ | ચોકીદાર | ૦૧ | |

- નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ થી નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ સુધી સંતોષકારક કામગીરીના આધારે મહેનતાણામાં વાર્ષિક ૩% ના દરે (સંચિત ધોરણે) વધારો.

| (ગ) વહીવટી ખર્ચ | | રકમ (રૂપિયામાં) |
|---|---|---|
| ૧ | દસ (૧૦) બાળકોને ખોરાક, દૂધનો પાવડર, દૂધની બોટલ, કપડાં, દવા, સાબુ, તેલ, રમતગમતનાસાધનો વગેરેના ખર્ચને પહોંચી વળવા માટે ભરણપોષણ અનુદાન રૂ. ૨૫૦૦ પ્રતિ બાળક. | ૩,૦૦,૦૦૦ |
| ૨ | વહીવટી ખર્ચ- મકાન ભાડું અને આકસ્મિક ખર્ચ (પાણી, વીજળી, ટેલિફોન, સ્ટેશનરી, ફોટોકોપી, પોસ્ટેજ, વગેરે) | ૨,૨૫,૦૦૦ |
| ૩ | દત્તક લેનાર ભારતીય માતા-પિતા ખર્ચની ચૂકવણી ચૂકવવાની સ્થિતિમાં ન હોય તેવા કિસ્સામાં દત્તક લેવાના કેસમાં રોકાયેલા એડવોકેટને કાયદાકીય ખર્ચની ચુકવણી. | |
| | કુલ | ૫,૨૫,૦૦૦ |
| | કુલ આવર્તક ખર્ચ (ખ + ગ) | ૧૮,૫૪,૫૫૩ |
| | કુલ સરવાળો (ક +ખ+ ગ) બિન આવર્તક +આવર્તક અનુદાન | ૨૩,૭૯,૫૫૩ |

- નોંધ: જો પ્રોજેક્ટ મંજૂરી મંડળ(PAB)દ્વારા મંજૂર કરવામાં આવી હોય, તો વચગાળાના સમયગાળામાં બિન આવર્તક ઘટકની કોઈપણ વિનંતી કરી શકાય છે.
- મહેકમ (નિયમિત પગાર ધોરણની હંગામી જગ્યાઓ/આઉટસોર્સની જગ્યાઓ/કરાર આધારીત જગ્યાઓ) ની વિગતો નીચે મુજબ છે.

કોષ્ટક ૧

| ક્રમ | સંવર્ગ | વિભાગે સૂચવેલ | સૂચિત સંવર્ગની મંજૂર જગ્યાઓ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ | નોર્મ્સ મુજબ મળવાપાત્ર જગ્યાઓ | પગાર ધોરણ | જગ્યા નિયમિત પગાર ધોરણમાં ભરવા માટે સૂચવેલ છે કે આઉટ્સોર્સ/ કરાર આધારિત સેવા મેળવવા માટે? (માનદવેતનની જગ્યા હોય તો તે પણ દર્શાવવું) | પરિશિષ્ટ (સંવર્ગ દીઠ અલગ હાઈપરલિંક સાથે) | ભરતી નિયમો | જગ્યાની કામગીરી અને જરૂરિયાત અંગેનું સર્ટિફિકેશન | આઉટ સોર્સ/કરાર આધારિત જગ્યા માટે જગ્યાની શૈક્ષણિક લાયકાત અને અનુભાવની વિગતો | આઉટસોર્સ/કરાર આધારિત જગ્યા અંગેના નોર્મ્સ મુજબ મળવાપાત્ર મહેનતાણાની વિગત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૦ | ૧ | ૦ | ૦ | ૧ | ૨૩,૧૭૦ | કરાર આધારિત | મેનેજર | સા.ન્યા.અ.વિ નો તા.૧૦/૦૪/૨૦૨૩નો ઠરાવ | મિશન વાત્સલય માર્ગદશિકા મુજબ | પરિશિષ્ટ ૧ મુજબ | ૨૩,૧૭૦ |
| ૧ | | ૦ | ૧ | ૦ | ૦ | ૧ | ૧૮,૫૩૬ | કરાર આધારિત | સામાજિક કાર્યકર | | | પરિશિષ્ટ ૨ મુજબ | ૧૮,૫૩૬ |
| ૧ | | ૦ | ૧ | ૦ | ૦ | ૧ | ૧૨,૩૧૮ | કરાર આધારિત | નર્સ | | | પરિશિષ્ટ ૩ મુજબ | ૧૨,૩૧૮ |
| ૧ | | ૦ | ૧ | ૦ | ૦ | ૧ | ૯,૯૩૦ | કરાર આધારિત | ડૉક્ટર | | | પરિશિષ્ટ ૪ મુજબ | ૯,૯૩૦ |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | ૦ | ૬ | ૦૦ | ૦ | ૬ | ૧૧,૭૬૭ | કરાર આધારિત | આયા | | | પરિશિષ્ટ ૫ મુજબ | ૧૧,૭૬૭ |
| ૧ | | ૦ | ૧ | ૦ | ૦ | ૧ | ૧૧,૭૬૭ | કરાર આધારિત | ચોકીદાર | | | પરિશિષ્ટ ૬ મુજબ | ૧૧,૭૬૭ |

- (૪) આ નવી બાબત હેઠળ સમાવિષ્ટ આઈ.ટી. ઉપકરણોની ખરીદીની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | ખરીદવાના થતા ઉપકરણનું નામ | ખરીદવાના થતાં ઉપકરણની સંખ્યા | હાલ ઉપલબ્ધ ઉપકરણની સંખ્યા | ઉપલબ્ધ ઉપકરણની ખરીદીનું વર્ષ અને અન્ય વિગતો | ઉપકરણો કંડેમ સામે નવા ખરીદવાના થતા હોય તો તેની વિગતો | GEM પોર્ટલ આધારીત પ્રતિ નંગ ભાવ (GEM પોર્ટલના ભાવપત્રકની હાઇપરલિંક સાથે સાધન દીઠ અલગ અલગ) | વાર્ષિક નાણાકીય ભારણની વિગતો (અંતમાં કુલ નાણાકીય ભારણ દર્શાવવું) | ના.વિ. ના તા.૨૩/૧૦/૨૦૨૩ના પરિપત્ર મુજબનું પરિશિષ્ટ (સાધન દીઠ અલગ અલઘ હાઇપરલિંક સાથે) વિભાગના ઉ.સ.શ્રી/ના.સ.શ્રી દ્વારા પ્રમાણિત) | ઉપકરણી કામગીરી અને જરૂરિયાત અંગેનું જસ્ટીફિકેશન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | One Computer with UPS and Web Cam( including cost of software license) and one printer cum scanner | ૧૮ | ૦ | ૦ | ૦ | નવી બાબત હોય હાલ લાગુ પડતુ નથી | ૪૫૦૦૦*૧૮ =૮,૧૦,૦૦૦/- (૬૦% ભારત સરકાર ૪૦% રાજ્ય સરકાર) કુલ ભારણ ૪૦% લેખે = ૩,૨૪,૦૦૦/- | મિશન વાત્સલ્ય માર્ગદર્શિકા મુજબ | ઓફિસની રોજબરોજની કામગીરી માટે |

- (૫) આ નવી બાબત હેઠળ સમાવિષ્ટ આઈ. ટી. સિવાયના સાધનોની ખરીદીની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | ખરીદવાના થતાં ઉપકરણનું નામ | ખરીદવાના થતાં ઉપકરણની સંખ્યા | હાલ ઉપલબ્ધ ઉપકરણની સંખ્યા | ઉપલબ્ધ ઉપકરણની ખરીદીનું વર્શ અને અન્ય વિગતો | ઉપકરણો કંડેમ સામે નવા ખરીદવાના થતા હોય તો તેની વિગતો | GEM પોર્ટલ આધારીત પ્રતિ નંગ ભાવ (GEM પોર્ટલના ભાવપત્રકની હાઇપરલિંક સાથે સાધન દીઠ અલગ અલગ) | વાર્ષિક નાણાકીય ભારણની વિગતો (અંતમાં કુલ નાણાકીય ભારણ દર્શાવવું) | ના.વિ. ના તા.૨૩/૧૦/૨૦૨૩ ના પરિપત્ર મુજબનું પરિશિષ્ટ (સાધન દીઠ અલગ અલઘ હાઇપરલિંક સાથે) વિભાગના ઉ.સ.શ્રી/ના.સ.શ્રી દ્વારા પ્રમાણિત) | ઉપકરણની કામગીરી અને જરૂરિયાત અંગેનું જસ્ટીફિકેશન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | Furniture including 10 cradle | ૧૮*૧૦= ૧૮૦ | ૦ | ૦ | ૦ | મિશન વાત્સલ્ય માર્ગદર્શિકા મુજબ | ૧૫૦૦૦૦*૧૮= ૨૭,૦૦,૦૦૦/- = (૬૦% ભારત સરકાર ૪૦% રાજ્ય સરકાર) કુલ ભારણ ૪૦% લેખે = ૧૦,૮૦,૦૦૦/- | મિશન વાત્સલ્ય માર્ગદર્શિકા મુજબ | ૦ થી ૬ વર્ષના બાળકોના માટે જરૂરી. |
| 2 | Equipment for kitchen (Gas stove with connection, utensils, water filter, etc.) | ૧૮ | ૦૦ | ૦ | ૦ | મિશન વાત્સલ્ય માર્ગદર્શિકા મુજબ | ૫૦૦૦૦*૧૮= ૯,૦૦,૦૦૦/- = (૬૦% ભારત સરકાર ૪૦% રાજ્ય સરકાર) કુલ ભારણ ૪૦% લેખે =૩,૬૦,૦૦૦ /- | મિશન વાત્સલ્ય માર્ગદર્શિકા મુજબ | ૦ થી ૬ વર્ષના બાળકો માટે જરૂરી |

- શરતો:

**૧૧ માસ કરાર આધારીત સેવાઓ લેવા અંગેની શરતો**

1. કરાર આધારીત સેવાઓ વહીવટી મંજુરી મુજબના સમયગાળા પુરતી જ મેળવવાની રહેશે. તેના થી વધુ સમય માટે આ સેવા પૂર્વ મંજુરી સિવાય મંજુરીની અપેક્ષાએ કે પાશ્ચાત્ય વર્તી અસરથી મંજુરી મેળવવાની અપેક્ષાએ કોઇપણ સંજોગોમાં ચાલુ રાખી શકાશે નહી.
2. કરાર આધારીત સેવાઓ લેવા અંગેની વહીવટી મંજુરી મળ્યા બાદ નિયત કાર્યપધ્ધતિને અનુસરી ભરવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.
3. કરાર આધારીત સેવાઓ ૧૧ માસ માટે લેવાની રહેશે. સેવાઓની મુદત પૂર્ણ થયેથી તાત્કાલિક અસરથી સેવાઓ સમાપ્ત કરવાની રહેશે. ત્યાર બાદ જરૂર જણાયે નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ નિયત કાર્ય પદ્ધતિને અનુસરીને નવેસરથી સેવાઓ મેળવવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની

રહેશે.

4. વિભાગે રાજ્ય સરકારની પ્રવર્તમાન કરાર આધારીત સેવાઓની નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. લાગુ પડતા અધિનિયમો/કાયદાઓની જોગવાઇ મુજબ કાર્યવાહી હાથ ધરી સેવાઓ મેળવવાની રહેશે. વેતન અને સેવાઓ અંગે કોઇ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે જોવાની જવાબદારી નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીની રહેશે.
5. મહેનતાણાના દરો કેંદ્રીય યોજના હેઠળ નિયત થયેલ હોય કે સેવા સંબંધિત વિભાગના પરામર્શમાં નિયત કરી તેના આધારો સાથે નાણાવિભાગની પૂર્વ મંજૂરી મેળવી ચુકવવાના રહેશે. તેમજ નાણા વિભાગની પૂર્વ મંજુરી સિવાય મહેંન્તાણાના દરોમાં કોઇ વધારો કરવાનો રહેશે નહી.
6. કરાર આધારીત સેવાઓ મેળવવાની હોય તો તેના માટે નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નહિ.
7. કરાર આધારીત સેવાઓ જો કોઈ કેન્દ્ર સહાયિત યોજના હેઠળ લેવાની થતી હોય તો તે અંગેનો ખર્ચ જે તે યોજના હેઠળ મેળવીને જ કરવાનો રહેશે. રાજ્ય સરકારના ફંડમાંથી ખર્ચ ઉધારવાનો રહેશે નહિ.
8. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
9. પ્રસ્તુત બાબત માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
10. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
11. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
12. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
13. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

- આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટે ખરીદવા અંગેની શરતો

1. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
2. આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
3. લેપટોપ ખરીદી અંગે સાયન્સ અને ટેકનોલોજી વિભાગના તા.૮/૮/૨૦૧૬ના પરિપત્રમાં જણાવેલ જોગવાઇ મુજબ અધિકારશ્રીઓને લેપટોપ મળવાપાત્ર હોય તો તે મુજબની ખરીદી કરવાની રહેશે.
4. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
5. આઇ.ટી. હાર્ડવેર ખરેખર મળવાપાત્ર અધિકારી/ કર્મચારીની ભરાયેલ જગ્યા પુરતુ જ મેળવવાનું રહેશે. તેથી વધુ સાધનો વસાવવામાં આવશે અને તે બિન ઉપયોગી રહેશે તો તેની જવાબદારી નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીની થશે.
6. નવા સાધનોની ખરીદી કરતા સમયે જે તે જગ્યાઓના બિનવપરાશના સાધનોનો રાજ્યસરકારશ્રીની પ્રવર્તમાન નીતિ મુજબ નિકાલ ઝુંબેશના સ્વરૂપે કરવાનો રહેશે. જેથી બિનવપરાશપાત્ર સાધનોની પ્રતિદિન ઘટતી જતી કિંમતો અને રોકાતી જગ્યાના અનુસંધાને ઉચિત કાર્યવાહી થઈ શકે.
7. ખરીદીના વિકલ્પે Rental Model, PPP ધોરણે કે Outsourcing થી Operation and Maintenance, કે અન્ય Hybrid model થી કામગીરી લઇ શકાય તેમ હોય તો તેનો તુલનાત્મક અભ્યાસ કરી યોગ્ય વિકલ્પ મુજબ કામગીરી લેવાની રહેશે. (વિકલ્પ લાગુ પડતો હોય ત્યા શરત સામેલ કરવી)
8. ગ્રાંટ મળવાની અપેક્ષાએ ખરીદી કરાવાની રહેશે નહી.
9. આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટે હાર્ડવેર Operation and maintenance માટે Manpower ની વધારાની જરૂરિયાત ઉપસ્થિત ન કરતાં તેનો આંતરિક વ્યવસ્થાથી કામગીરી લેવાની રહેશે.
10. આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું મેઈન્ટેનન્સ યોગ્ય રીતે થાય અને તેના પૂર્ણ આયુષ્ય મર્યાદા સુધી તેનો મહત્તમ ઉપયોગ ઔચિત્ય પૂર્ણ રીતે થાય તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.
11. આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું ડેડ સ્ટોક રજીસ્ટર નિભાવવાનું રહેશે.
12. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું વિભાગે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
13. આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદવા માટે કેન્દ્ર સરકાર તરફથી કોઈ અનુદાન મળનાર હોય તો કેન્દ્ર સરકારા તરફથી આવું અનુદાન મળ્યેથી જ આવી મશીનરી ખરીદવાની રહેશે.
14. જો કોઇ કેંદ્રીય સહાયિત યોજના હેઠળ સાધનોની ખરીદી કરવાની હોય તો યોજનાની સહાય મળ્યેથી જ ખરીદી કરવાની રહેશે.
15. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
16. પ્રસ્તુત કામ માટે જરૂર જણાયે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
17. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
18. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
19. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
20. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
21. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

- નવી મશીનરી ખરીદવા અંગેની શરતો

1. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
2. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
3. નવા સાધનોની ખરીદી કરતા સમયે જે તે જગ્યાઓના બિનવપરાશના સાધનોનો રાજ્યસરકારશ્રીની પ્રવર્તમાન નીતિ મુજબ નિકાલ ઝુંબેશના સ્વરૂપે કરવાનો રહેશે. જેથી બિનવપરાશપાત્ર સાધનોની પ્રતિદિન ઘટતી જતી કિંમતો અને રોકાતી જગ્યાના અનુસંધાને ઉચિત કાર્યવાહી થઇ શકે. નવી મશીનરીની ખરીદીના વિકલ્પે Rental Model, PPP ધોરણે કે Outsourcing થી Operation and Maintenance, કે અન્ય Hybrid model થી કામગીરી લઇ શકાય તેમ હોય તો તેનો તુલનાત્મક અભ્યાસ કરી યોગ્ય વિકલ્પ મુજબ કામગીરી લેવાની રહેશે. (વિકલ્પ લાગુ પડતો હોય ત્યા શરત સામેલ કરવી)
4. ગ્રાંટ મળવાની અપેક્ષાએ ખરીદી કરાવાની રહેશે નહી.
5. નવી મશીનરી ખરીદી માટે હાર્ડવેર Operation and maintenance માટે Manpower ની વધારાની જરૂરિયાત ઉપસ્થિત ન કરતાં તેનો આંતરિક વ્યવસ્થાથી કામગીરી લેવાની રહેશે.
6. નવી મશીનરી ખરીદી માટેનું મેઈન્ટેનન્સ યોગ્ય રીતે થાય અને તેના પૂર્ણ આયુષ્ય મર્યાદા સુધી તેનો મહત્તમ ઉપયોગ ઔચિત્ય પૂર્ણ રીતે થાય તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.
7. નવી મશીનરીખરીદી માટેનું ડેડ સ્ટોક રજીસ્ટર નિભાવવાનું રહેશે.
8. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું વિભાગે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
9. નવી મશીનરી ખરીદવા માટે કેન્દ્ર સરકાર તરફથી કોઈ અનુદાન મળનાર હોય તો કેન્દ્ર સરકારા તરફથી આવું અનુદાન મળ્યેથી જ આવી મશીનરી

ખરીદવાની રહેશે.

10. જો કોઇ કેંદ્રીય સહાયિત યોજના હેઠળ સાધનોની ખરીદી કરવાની હોય તો યોજનાની સહાય મળ્યેથી જ ખરીદી કરવાની રહેશે.
11. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
12. પ્રસ્તુત કામ માટે જરૂર જણાયે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
13. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
14. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
15. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
16. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
17. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

- નવી યોજના મંજુર કરવા અંગેની શરતો

1. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી નીયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીએ રાખવાની રહેશે.
2. આ યોજનાનો અમલ માન્ય નોડલ એજન્સી મારફતે કરવાનો રહેશે.
3. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.
4. ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
5. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં GeM મારફતે ખરીદી ની જોગવાઇ કરવાની રહેશે.(વિગતવાર જોગવાઇ ઉમેરવી)
6. સાધન/ કીટની ગુણવતા સુનિશ્રિત કરવાની રહેશે.
7. નાણાકિય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી જ આપવાની રહેશે.
8. આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.
9. C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.
10. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
11. Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
12. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.
13. કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.
14. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
15. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
16. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
17. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
18. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
19. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
20. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
21. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

| Sr. No. | Budget Head | Amount in Ruppes | Amount in Crore |
|---|---|---|---|
| 1 | 092 : 2235 : 02 : 102 : 09 (SSW-04 -Mission Vatsalya-60% CSS) | 12849586 | 1.28 |
| 2 | 096 : 2235 : 02 : 796 : 25 ( SSW-04- Mission Vatsalya 60% CSS ) | 12849586 | 1.28 |
| | (A) Total 60 % - Central Share | 25699172 | 2.57 |
| | | | |
| 3 | 092 : 2235 : 02 : 102 : 10 (SSW-04 -Mission Vatsalya-40% State) | 8566391 | 0.86 |
| 4 | 096 : 2235 : 02 : 796 : 26 ( SSW-04- Mission Vatsalya 40% State ) | 8566391 | 0.86 |
| | (B) Total 40 % - State Share | 17132782 | 1.71 |
| | | | |
| | (A) + (B) Gross Total | 42831954 | 4.28 |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જીગર પટેલ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(આ.બા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી, નાણા વિભાગ(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી [redacted]
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
- સેક્શન અધિકારીશ્રી, છ-૧ શાખા, બજેટ શાખા તથા કોમ્પ્યુટર સેલ (વિભાગની વેબસાઇટમાં છ શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે)
- સિલેક્ટ ફાઈલ.